Vol. 9, Issue: 7, July: 2021
(IJRSML) ISSN: 2321 - 2853

# બાળવિકાસને અસર કરતાં પરીબળો

પ્રિયંકા એન.પટેલ
આસીસ્ટંટ પ્રોફેસર,
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી. એડ્. કોલેજ પાંડેસરા, સુરત

**સારાંશ**

બાળકનો વિકાસ સામાન્ય રીતે નિશ્ચિત ગતિએ થતો હોય છે.જીવનનાં પ્રારંભથી તે અંત સુધી વિકાસની પ્રક્રિયા સતત ચાલુ રહેતી હોય છે. એટલે એ એક પ્રક્રિયા છે અને પરિવર્તન એ પરિમાણ છે એ ન્યાયે બાળક જન્મ્યું હોય ત્યારે જેવું હોય છે તેવું જ હંમેશાં રહેતું નથી.એ સતત બદલાતું રહે છે અને કાંઇક શીખતું જ રહે છે. વિકાસનો આધાર એની આજુબાજુના વાતાવરણ પર અવલંબિત રહેવાનો. બાળમનો વૈજ્ઞાનિકો જન્મપૂર્વે ના વિકાસને ઘણું મહત્વ આપે છે. નવ મહિનાનાં ગાળામાં ફળીકરણ પામેલો કોષ વિકાસની એક અત્યંત નોંધપાત્ર પ્રક્રિયા માંથી પસાર થાય છે. બાળવિકાસ કુદરતી અને વાતાવરણજન્ય સંજોગો ઉપર આધાર રાખે છે. માબાપ ની શારીરિક સ્થિતિ તેમનાં સંતાનો ઉપર ઘણી અસર કરે છે. ભેજવાળા, પ્રકાશરહિત, અતિ ઠંડી કે ગરમી સહન કરવી પડે તેવા રહેઠાણોની વિપરીત અસર બાળકના વિકાસ પર પડે છે. કુટુંબની આર્થિક અને સામાજિક સ્થિતિ પણ બાળકના વિકાસ પર અસર કરે છે. જેના પરિણામે બાળકનો વિકાસ કાં તો સુધરે છે અથવા કથળે છે.વ્યક્તિના સ્વપ્નો, વિચારો, વર્તન, લાગણીઓ તથા જીવન જીવવાની પધ્ધતિ ઉપર સમાજનાં ખ્યાલોની અસર થાય છે. શાળામાં વિદ્યાર્થીઓ તેની ઊંચાઈ, વજન, શારીરિક કૌશલ્યો, સવેગોની અભિવ્યક્તિ, સામાજિક કૌશલ્યો, વલણો, જ્ઞાનક્ષેત્રો વગેરે અનેક બાબતોમાં એકબીજાથી જુદા પડે છે.આવી ભિન્નતા નાં કારણો અંગેના અભ્યાસો એ મુખ્યત્વે વારસો અને વાતાવરણને જવાબદાર ગણ્યા છે.

---

**ચાવીરૂપ શબ્દો :** બાળવિકાસ

---

## ૧. પ્રસ્તાવના

માતા ગર્ભ ધારણ કરે ત્યાંથી શરૂ કરીને બાળકનો જન્મ થાય, તે મોટો થાય, જુવાન થાય, વૃદ્ધ થાય અને મૃત્યુ પામે ત્યાં સુધી વ્યક્તિનો સતત વિકાસ થાય છે. આ એક સ્વાભાવિક પ્રક્રિયા છે. પરંતુ વિકાસના દરમાં કે વ્યક્તિએ વ્યક્તિએ તફાવત હોય શકે છે કારણકે વ્યક્તિના વિકાસ પર ઘણા પરિબળો અસર પડતી હોય છે.

**શુક્લા (૨૦૧૧,પૃ.૧૧)ના જણાવ્યા** પ્રમાણે બાળકમાં થતા ગુણાત્મક પરિવર્તન જેવા કે બેસવા, ઉભા રહેવા, બોલવા અને વિચારવાના સામર્થ્યમાં થતા વધારાને દર્શાવવા માટે વિકાસ શબ્દનો પ્રયોગ થાય છે.

બાળવિકાસને અસરકરતા પરીબળો એ બાળકના વિકાસ માટે મહત્વનાં છે. બાળકમાં રહેલ સમસ્યા જાણીને એક શિક્ષક તેની પાછળનું જવાબદાર કારણ જાણી શકશે, સમસ્યા ઉકેલ કરી શકે, બાળક કેવા સમાજ કે વાતાવરણમાંથી આવે છે તે જાણી શકશે. એક શિક્ષક તરીકે બાળવિકાસ માટે સમાજ, કુટુંબ અને શાળાકીય વાતાવરણમાં મહત્વની ભૂમિકા ભજવી શકે. અને વિકાસના અવરોધક પરિબળો દૂર કરી શકે.

## ૨. વારસો

વ્યક્તિના વિકાસમાં તેના વારસાનો ખૂબ મોટો ફાળો છે. બાળકોનો શારીરિક વિકાસ મોટેભાગે તેના માતા-પિતાના વિકાસ પર આધારિત હોય છે. વ્યક્તિની ઊંચાઈ, રંગ, આંખ કે વાળનો રંગ તથા ચહેરાનો દેખાવ મોટાભાગે માતા-

પિતાના જનીન પર આધાર રાખે છે. શરીરનું બંધારણ, મગજની ગોઠવણી અને વ્યક્તિત્વનાં લક્ષણો જનીનના આધારે નક્કી થાય છે. આ જનીનોને કારણે જ વ્યક્તિની બુદ્ધિ, શારીરિક ક્ષમતા, ચારિત્ર્ય અને વ્યવસાયિક દક્ષતા પર માતાપિતાનાં લક્ષણોની અસર જોવા મળે છે. થેલેસેમિયા, એઈડ્સ અને મધુપ્રમેહ જેવા રોગો પણ વારસામાં મળી શકે છે તેનું ચિકિત્સા વિજ્ઞાને પણ સાબિત કર્યું છે. વારસામાં વ્યક્તિને અમુક લક્ષણો મળવા તે આખી બાબત શરીરવિજ્ઞાન ને લગતી છે. પરંતુ એક બાબત તો ચોક્કસ છે કે વ્યક્તિના વિકાસ પર તેના સામાજિક, સાંસ્કૃતિક અને કૌટુંબિક વારસાની અસર જોવા મળે છે .

### ૩. વાતાવરણ

અફઘાનો ઉંચા અને મજબૂત શારીરિક બાંધાના કેમ, એસ્કિમો ઠીંગણા કેમ, આફ્રિકનોનો વર્ણ શ્યામ કેમ, ચીનીઓની આંખો આપણી આંખો કરતા જુદી કેમ,અંગ્રેજો ગોરા કેમ? આવા અનેક સવાલોનાં જવાબમાં કહી શકાય કે જે તે પ્રદેશની આબોહવા અને ભૌગોલિક પરીસ્થિતિએ વ્યક્તિઓમાં આવી ભિન્નતા પેદા કરી છે. તેથી કહી શકાય કે માનવની વૃદ્ધિ અને વિકાસ પર જે-તે સ્થળ કે પ્રદેશનાં વાતાવરણની અસર પડે છે.

### ૪. જન્મપૂર્વેનું વાતાવરણ

બાળક તેની માતાના ગર્ભમાં, બીજધારણ થાય તે સમયથી તેનો જન્મ થાય ત્યાં સુધી રહે છે. બીજનો ગર્ભમાં વિકાસ થાય,ધીમે-ધીમે બાળકના શરીરમાં વૃદ્ધિ થવા લાગે,નવ માસ સુધી બાળકનાં વિકાસ અને વૃદ્ધિની આ પ્રક્રિયા માતાનાં ગર્ભમાં થતી રહે છે. જો આ પ્રક્રિયા દરમિયાન માતાને પૌષ્ટિક ખોરાક, આનંદપ્રદ વાતાવરણ, સતત હૂંફ અને પ્રેમ મળતાં રહે, સાંવેગિક રીતે મજબૂત હોય અને તેને કોઈ ગંભીર બીમારીના હોય તો તે ગર્ભમાં એક તંદુરસ્ત અને માનસિક રીતે સ્વસ્થ બાળકનો વિકાસ થાય છે. અહીંથી તે વારસામાં મળેલા જન્મજાત લક્ષણો લઈને દુનિયામાં આવે છે. આ લક્ષણો જીવનપર્યંત તેના વિકાસ પર અસર કરતા જોવા મળે છે.

### ૫. જન્મપછીનું વાતાવરણ

બાળક તેના જન્મ પછી આ દુનિયામાં આવે છે. તેનું જીવન શરૂ થાય છે.તેની સાથે જ તેની વૃદ્ધિ અને વિકાસની પ્રક્રિયા પણ શરૂ થાય છે. તેના જન્મ પછીનું વાતાવરણ તેની આ પ્રક્રિયા પર અસર કરે છે. જુદા જુદા વાતાવરણમાં રહેનાર બાળકોના વૃદ્ધિ અને વિકાસની તરાહમાં તફાવત જોવા મળે છે.

**આંતરિક વાતાવરણ**માં બાળકની ચાલઢાલ,બોલચાલની રીત અને આવેગો નિશ્ચિત કરવામાં તેના હોર્મોન્સ અગત્યનો ભાગ ભજવે છે.તે ઉપરાંત તેની શારીરિક તંદુરસ્તી, તેના શરીરમાં થતી ક્રિયાઓ તેના માનસિક વિચારો તેના મગજનું બંધારણ વગેરે બાબતો તેની વૃદ્ધિ અને વિકાસ પર અસર કરનાર પરીબળો છે.

**બાહ્ય વાતાવરણ**માં આબોહવા, ભૌગોલિક પરિસ્થિતિ, ભૌતિક બાબતો, રહેણાંકનો વિસ્તાર વગેરેનો સમાવેશ બાહ્ય વાતાવરણમાં થાય છે. વ્યક્તિ જે પ્રકારની આબોહવામાં રહેતી હશે તે પ્રકાર નો ખોરાક લેશે. પૂરતો અને પૌષ્ટિક આહાર વ્યક્તિના સમતુલિત વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે. આરામદાયક ભૌતિક સગવડો થાકને તાળે છે અને વ્યક્તિને હમેશાં સક્રિય રાખવામાં મદદરૂપ થાય છે. જેના કારણે વ્યક્તિનો સંતુલિત વિકાસ થઈ શકે છે. આબોહવા અને ભૌગોલિક પરિસ્થિતિ શરીરના બંધારણ અને સ્વાસ્થ્ય પર અસર કરે છે. તેથી જ ગરમ પ્રદેશના લોકો કરતા સમશિતોષ્ણ આબોહવાવવાળા પ્રદેશના લોકો વધુ ઉદ્યમી જોવા મળે છે.

**કૌટુંબિક વાતાવરણ** માટે કહેવાય છે કે બાળકની પ્રથમ શાળા તે તેનું ઘર અને પ્રથમ શિક્ષક તે તેની માતા, બાળક તેના જીવનના શરૂઆતના પાઠ તેના ઘરમાંથી શીખે છે. ઘરના સંસ્કાર બાળકના વિકાસ પર વધુ પ્રભાવ પાડતા હોય છે.

બાળકનાં સાંવેગિક, માનસિક અને સામાજિકવિકાસ પર તેના કૌટુંબિક વાતાવરણની અસર પડે છે. જો કુટુંબના સભ્યો બાળક માટે પ્રેરક વાતાવરણ પૂરું પાડતા હશે તો બાળકનો માનસિક, સામાજિક અને સાંવેગિક વિકાસ યોગ્ય રીતે થશે. ઘરમાં કજીયાવાળું વાતાવરણ હશે તો બાળકના વિકાસ પર તેની અવળી અસર પડશે. તે ઘરથી દૂર રહેવાનો પ્રયત્ન કરશે. તે ચિડિયું બનશે અને શિસ્તના પ્રશ્નો ઉભા કરશે. જેના કારણે તેના માનસિક વિકાસ પર અવળી અસર પડશે .

**સામાજિક વાતાવરણ**માં વ્યક્તિ જે સમાજમાં રહે છે તે સમાજના લક્ષણો તેનામાં જોઈ શકાય છે. વ્યક્તિના પહેરવેશ, વ્યવહાર, શિક્ષણ, વ્યવસાય વગેરે પર તેના સમાજની અસર જોવા મળે છે. શિક્ષિત સામાજિક વાતાવરણમાં રહેનાર વ્યક્તિનો માનસિક વિકાસ અશિક્ષિત વાતાવરણમાં રહેતા લોકો કરતાં વધુ હશે. વ્યક્તિ સમાજ સાથે આંતરક્રિયા કરીને પોતાના લક્ષણો અને વ્યક્તિત્વને યોગ્ય ઘાટ આપવાનો પ્રયત્નો કરે છે. જે તેના વિકાસની દિશા અને પ્રમાણ નક્કી કરવામાં અગત્યનો ભાગ ભજવે છે.તેથી કહી શકાય કે વ્યક્તિના વિકાસ પર તેના સમાજનું વાતાવરણ અસર કરે છે.

**શાળાકીય વાતાવરણ**માં શાળા શિક્ષણમાં લેખિત પરીક્ષાઓ, ગુનાહિતતા દર, શાળાકીય વર્તનોની બાબતોમાં ભિન્ન ગુણવત્તા ધરાવતી શાળાઓના વિદ્યાર્થીઓમાં ભિન્નતા જોવા મળી છે. આવી ભિન્નતા ઉત્પન્ન કરવામાં શાળાની કેટલીક બાબતો જેમાં શિક્ષણમાં વિદ્યાકીય બાબતોને આપતું મહત્વ, શિક્ષકોની ગુણવત્તા,શાળાનું એકંદર પર્યાવરણ અને વિદ્યાર્થી-શિક્ષક સબંધો મહત્ત્વનો ભાગ ભજવે છે. બાળક અનુકરણ દ્વારા શીખે છે. જેથી શાળાકીય વાતાવરણ પણ તેમનામાં મહત્ત્વનો ભાગ ભજવે છે .

**૬. ઉપસંહાર**

આમ, બાળવિકાસને અસર કરતાં પરિબળો એ બાળકના વિકાસ પર મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જેમાં વારસો અને વાતાવરણનો સમાવેશ કરવામાં આવેલ છે. જેના કારણેજ બાળકનો વિકાસ થઈ શકે છે અને વિકાસમાં અવરોધક બાબતો જાણીને તેનું નિદાન ઉપચાર કરી શકાય.

**સંદર્ભ સૂચી**

૧. પંડિત, એચ. (૧૯૯૭).બાળમનોવિજ્ઞાનમાં ડોકિયું. યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૩૮૦૦૦૬.
૨. પટેલ, સી.પી. (૧૯૮૭). હાંસોટ તાલુકાની શ્રેણી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના કૌટુંબિક, સામાજિક તથા શાળાકીય સમાયોજનનો અભ્યાસ. અપ્રકાશિત એમ.એડ્ લઘુશોધ નિબંધ સુરત: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી.
૩. શુક્લા, એસ. એસ. (૨૦૧૧). શૈક્ષણિક મનોવિજ્ઞાન.આગ્રા:અગ્રવાલ પ્રકાશન.
૪. દોંગા,એન.એસ.(૨૦૧૫). અધ્યયન, અધ્યાપન અને વિકાસનું મનોવિજ્ઞાન. અમદાવાદ: નીરવ પ્રકાશન